સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૬૬૬૧

'હપ્તા'નું તંત્ર ચાલે 'ઉપરના' સહકારથી!
કચેરીઓમાં ચાલે છે કૌભાંડ સહકારથી!
'સહકાર'થી ચાલે છે લાંચીયા વ્હેવાર પણ -
ખેલ ગરજના પણ ખેલાય 'સહકાર'થી
(સહકારી સપ્તાહની ઉજવણી)

હાઈકુ

'ટ્રાફિક' ચૌટે
'દંડ'વસૂલી માટે
ગ્રીન સિગ્નલ?!
(ટ્રાફિક સિગ્નલો બંધ!!)

'બાલ' દિન તો,
હવે ઉજવે માત્ર!
'હેર કટિંગો'
(બાલદિન ભૂલાયો?!)

ચિંતન

ઉત્તમં સ્વાર્જિતં ભુક્તં મધ્યમં પિતુરર્જિતમ્ ।
કનિષ્ઠં ભ્રાતૃવિત્તં ચ સ્ત્રી વિત્તમ્ ધમાધમમ્ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના 'સામાન્ય નીતિ'નામના બીજા અધ્યાયમાંથી આ શ્લોક છે :

'પોતાના પરિશ્રમથી - જાત કમાઇનું ધન ભોગવવું એ ઉત્તમ બાબત છે, પિતાએ કમાઇને એકત્ર કરેલું - વારસાગત ધન ભોગવવું એ મધ્યમ પ્રકારનું છે. ભાઇનું કમાયેલું ધન ભોગવવું અધમ છે પરંતુ સ્ત્રીની કમાણીનું (પત્નીની) ધન ભોગવવું એ તો અધામાધમ અધમથી પણ વધારે અધમ છે.'

સંસારિક પરિસ્થિતિનું વાસ્તવિક ચિત્રણ કરતાં આ શ્લોકમાં 'કેવું ધન' ભોગવવું એની ચર્ચા છે. જાત મહેનત-પરિશ્રમ અને નિષ્ઠાપૂર્વક-હકનું પ્રાપ્ત કરેલું ધન-નાણું-(પગાર) આવકને શુભલક્ષ્મી કહેવાય છે આવી લક્ષ્મીનો ઉપભોગ કરવાથી સુખ-શાંતિનું અનુભવ તો થાય છે પરંતુ રોગ-કંકાસ અને અશાંતિ દૂર રહે છે પરિવારમાં પ્રેમ-ભાવ રહે છે આવું ધન ભોગવવું શ્રેષ્ઠ છે.

પિતાની કમાણી પરિસ્થિતિ જોગ વારસામાં મળી જાય અને એ ભોગવવાનો સમય આવે ત્યારે વિવેકને આગળ રાખી મન-અને અભિમાન પર કાબૂ રાખી ભોગવવું એ મધ્યમ પ્રકારનું છે.

પરંતુ જાતે બેકાર રહી - આળશ અને વ્યસનમાં પ્રવૃત્ત રહી પત્નીની આવક પર નભવું-એ ધન ભોગવવું અધમથી પણ અધમ છે.

સુવિચાર

- સિતારા ખરે કે પાંડદા, જરા ડાળીને તું હલાવી તો જો, રમત આદરી છે તો કંઇ પણ થશે, હથેળીમાંથી પારા નાખી તો જો — **- ઓશો. ભહાચાર્ય**
- ભગવાનની મૂર્તિ આગળ મોંઘી ધૂપસળી સળગાવવાને બદલે ઘરડા માબાપના ઓરડામાં કાચબા છાપ અગરબત્તી સળગાવશો તો વધુ પુણ્ય મળશે — **- દિગંત ઝોમા**
- જીંદગી સામે આપણે માથા પછાડીએ છીએ, શીંગડા ભરાવીએ છીએ, ઘણીવાર શીંગડા તુટી જાય પછી જ આપણે પરિસ્થિતિ સ્વીકારીએ છીએ, કોઇ પરિસ્થિતિ ને હાર્યા પછી સ્વીકારવા કરતાં લડ્યા વગર જ સ્વીકારવામાં સાચી જીત છે — **- કાન્તિ ભટ્ટ**
- જ્યાં આપણી હાજરીની નોંધ લેવાતી ન હોય ત્યાં ગેરહાજર રહેવું એ પણ એક જાતનું મૌન છે — **- જનકલ્યાણ**
- 'અગર આપ કુછ પાને કે લીયે જી રહે હો તો ઉસે વક્ત પર હાંસિલ કરો, ક્યું કી ઝીંદગી મૌકે કમ ઔર ધોકે જયાદા દેતી હૈ' — **- નાના પાટેકર**
- કોઇ માણસ એક કે બે વખત જુલમ કરી શકે પણ તે વાત વાગોળી વાગોળીને આપણે આપણી જાત પર વારંવાર જુલમ કરતા રહીએ છીએ — **- ધર્મસૂત્ર**
- આપણે દુઃખને એટલી બધી ગંભીરતાથી લઇએ છીએ કે આપણે આપણી જાતને સુખી માનવા તૈયાર જ નથી હોતા, બાકી સુખ ગેરહાજર હોતું જ નથી, માત્ર આપણે હાજર નથી હોતા — **- ચિત્રલેખા**

બોધ કથા

મુશ્કેલી-આપત્તિ-સમસ્યા આવી પડે ત્યારે હિંમત અને ધીરજ રાખી તેનો ઉકેલ શોધવો જોઇએ. હતાશ થઇ માથે હાથ દઇ બેસી ન રહેવાય સંસાર-માં આવી અનેક સમસ્યાઓ આવતી હોય છે તેમાંથી સલામત બહાર નીકળવાના પ્રયત્ન કરવા જોઇએ.

રાજાને એક બુદ્ધિમાન અંગત સચિવની જરૂર હતી. અનેક અરજીઓમાંથી અનેક કસોટી પછી ચાર જણાને પસંદ કર્યા-એમની છેલ્લી કસોટી હતા.

ચારે ને ચાર અલગ ખંડમાં બંધ કર્યા અને અંદરથી તાળું મારી તેમનો સચિવ ગુપ્ત દરવાજેથી બહાર આવી ગયો. ઉમેદવારોને સૂચના આપી કે તમારા દરવાજાને તાળું છે છતાં તમે-યુક્તિપૂર્વક બહાર આવી જશો તે સફળ જાહેર થશે. જે પ્રથમ બહાર આવશે તે મારો અંગત સચિવ..

ચારે જણ અલગ ખંડમાં પૂરાયા - પણ બહાર નીકળવાનો કોઇ માર્ગ ન મળતાં ત્રણ જણા નિરાશ હતાશ થઇ બેસી ગયા. પણ ચોથો દરવાજો-નકૂચા-તાળું ફંફોસતો રહ્યો - તાળું એવું હતું કે ખેંચતાં જ ખૂલી જાય! ..અને બહાર આવી ગયો. સંગત સચિવની પદવી મળી ગઇ.

કુશળ અને સક્રિય લોકો હંમેશા સફળ થાય છે. નિષ્ક્રીય-આળશુ લોકો નપાસ થાય છે.

Email - sureshchandrabhatt18@gmail.com

આપણા આનંદ, આપણી શાંતિ, આપણી મસ્તી સદા બની રહે અને બંધન ન થાય એ યુક્તિ કૃષ્ણ પોતાના ઉપદેશથી નહીં પોતાના જીવનથી આપણને સમજાવે છે

ધર્મયાત્રા

- ગિરધર ઉપાધ્યાય (કથાકાર)

જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિ : ।
જાનામિ અધર્મં ન ચ મે નિવૃત્તિ : ॥

મહાભારતના દુર્યોધનના મોંમાં ભગવાન વ્યાસજીએ આ ઉદ્ગાર મુકાવી દુર્યોધન રૂપી દુર્ગીણીનો નિર્દભ વ્યક્તિત્વનો પરિચય કરાવ્યો છે. દુર્યોધન કહે છે કે ધર્મ કોને કહેવાય એ હું જાઉં છું પણ ધર્મની આજ્ઞા અનુસાર હું આચરણ કરી શકતો નથી.

વળી કહે અધર્મ કોને કહેવાય એની મને બરાબર જાણ છે, માહિતી છે; પણ અધર્મમાંથી નિવૃત્ત થઇ શકતો નથી. અધર્મવાળું આચરણ હું છોડી શકતો નથી.

હું અધર્મ કરૂં છું. આ એનો સારો ગુણ છે. આ એનો ઉજળો પક્ષ છે, તે દંભ નથી કરતો અને ઘણીવાર આપણે એવો દંભ કરતાં હોઇએ કે આપણા આંગણામાં તુલસીના ક્યારા હોય અને ફ્રીજમાંથી ઠંડા નીકળે. આંગણામાં તુલસીનો ક્યારો હોય અને ઘરના શો-કેસમાં, કબાટમાં દારૂની બોટલો પણ પડી હોય, કાંદા-લસણ ન ખાતો હોય પણ લાંચ ખાયો હોય. માણસ આવો દંભ કરતો હોય તો કોઇ વ્યક્તિ સંપૂર્ણ સજ્જન નથી. એનામાં એકાદ બે દુર્ગુણ હોવાના. યુધિષ્ઠિર આમ તો સજ્જન ને? પણ જુગારની ટેવ એટલે દુઃખી થયા. એટલે તો બલરામ કૃષ્ણને કહે છે કે -

"તું શું જોઇને આ પાંડવોનો પક્ષ લે છે?" તમને ખબર છે? બલરામને દુર્યોધન પ્રત્યે પ્રેમ હતો અને કૃષ્ણને અર્જુન માટે પ્રેમ હતો. એટલે બલરામનું કહેવાનું તાત્પર્ય એ હતું કે મહાભારતના યુદ્ધમાં આપણે તટસ્થ રહેવું જોઇએ. કોઇનો પક્ષ લેવો જોઇએ નહીં. જેમ તને અર્જુન વ્હાલો છે એમ મને દુર્યોધન વહાલો છે. પણ આપણે બંને ભાઇઓએ શુ કરવું જોઇએ? કોઇનો પક્ષ નહીં લેવો જોઇએ. તટસ્થ રહેવું જોઇએ. બલરામનો એ અભિપ્રાય છે કે આપણે અળગા રહેવું જોઇએ. પણ કૃષ્ણે એક નવો જ રસ્તો કાઢ્યો. એમની પાસે યુદ્ધ પહેલાં કૌરવો અને પાંડવો બંને આવ્યા. કૃષ્ણ તટસ્થ ન રહી શકે, ધ્યાન દેજો. જે ભગવાન અવતાર લઇને આવ્યા હોય તે કોઇ દિવસ તટસ્થ ન રહી શકે. કારણ અવતાર લેવાનું કારણ શું? અવતાર લેવાનું પ્રયોજન શું? તો ગીતામાં ભગવાન બતાવે છે.

પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ ।
ધર્મસંસ્થાપનાર્થાય સમ્ભવામિ યુગે યુગે ॥

તો તટસ્થ રહીને માણસ જોયા કરે તો આ કામ થાય? આ કાર્ય થઇ શકે ખરૂં? ચાર મહાપુરૂષોને યાદ કરો. જિસસ ક્રાઇસ્ટ, ગૌતમ બુદ્ધ, ભગવાન મહાવીર અને ભગવાન કૃષ્ણ એ ચારેય ચરિત્રોની વિશેષતા એકેક શબ્દમાંથી મેળવવી હોય તો એમ કહેવાય કે ક્રાઇસ્ટની તટસ્થતા, બુદ્ધની ઉપેક્ષા, મહાવીરની વિતરાગતા અને કૃષ્ણની અનાશક્તિ. આ એકેક શબ્દમાં ચારેય ચરિત્રોનો પરિચય મળી જશે. જિસસ ક્રાઇસ્ટમાં ચોઇસલેસનેસ છે તટસ્થતા. ક્રાઇસ્ટ તટસ્થ હોઇ શકે, શ્રીકૃષ્ણ તટસ્થ નહીં રહી શકે. શ્રીકૃષ્ણ અવતાર કાર્ય કરવા માટે આવ્યા છે.

માટે કૃષ્ણ તટસ્થ ન હોઇ શકે. જિસસ ક્રાઇસ્ટ તટસ્થ હોઇ શકે પણ કૃષ્ણ નહીં. બુદ્ધમાં ઉપેક્ષા છે. સંસારના પ્રત્યેક દ્વંદ્વની ઉપેક્ષા. નિંદા હોય કે સ્તુતિ હોય; માન હોય કે અપમાન હોય; સુખ હોય કે દુઃખ હોય; સુખની ઇચ્છા જ દુઃખનું કારણ બને છે. ભગવાન બુદ્ધની વાત જ આ છે કે આ સંસાર દુઃખમય છે અને હોય જ ને? ભગવાન ગૌતમ બુદ્ધ નાના હતા ત્યારની એમની કથા તમે જુઓ છો... આમ તો એના પિતાએ સુખમાં ને સુખમાં રાખ્યા હતા. કે એની નજરે દુઃખ ન ચડવું જોઇએ. પણ દુઃખ ચડી ગયું. એક બિમાર માણસને જોયો, એક વૃદ્ધ માણસને જોયો. એક મરેલા માણસની સ્મશાનયાત્રા નીકળતી જોઇ દુઃખ થયું અને સિદ્ધાર્થને આંચકો લાગે છે, કારણ કે પહેલીવાર દુઃખ જોયું. અને પછી ધ્યાનપૂર્વક જોયું તો એમને થયું કે આ સંસારમાં દુઃખ, દુઃખ અને અને દુઃખ જ છે. દુઃખ સિવાય કંઇ જ નથી. અને જ્યારે દુઃખ મુક્તિનો ઉપાય પણ હોવો જોઇએ.

બધું સંકળાયેલું, જોડાયેલું છે ત્યારે દુઃખનું કારણ શું છે? બોલે - દુઃખનું કારણ છે સુખની ઇચ્છા. માટે ઉપેક્ષા કોઇ ઇચ્છા નહીં. સુખની ઇચ્છામાંથી જ દુઃખનો જન્મ થાય છે. જેને સુખની જ ઇચ્છા ન હોય એ માણસ દુઃખી નહીં થાય. બુદ્ધમાં ઉપેક્ષા છે. દુઃખની ઉપેક્ષા અને સુખની ઉપેક્ષા, અપમાનની ઉપેક્ષા અને સન્માનની પણ ઉપેક્ષા.

તો ક્રાઇસ્ટમાં તટસ્થતા છે. ગૌતમ બુદ્ધમાં ઉપેક્ષા છે. ભગવાન મહાવીરમાં વીતરાગતા છે. મહાવીર વિતરાગ છે વિરાગી નહીં. એટલા માટે મહાવીર ભગવાં કપડાં નથી પહેર્યાં. જૈન મુનિઓ એ વિરાગી નથી. વિતરાગી છે.

આ વિતરાગ શબ્દ વિરાગ શબ્દ કરતાં કંઇક વિશિષ્ટ અર્થવાળો છે વિરાગ. વિરાગમાં એક અરૂચિનો ભાવ છે. પણ વિતરાગમાં અરૂચિનો કોઇ ભાવ નથી. અને છતાં રાગ નથી. આસક્તિ નથી. વિરાગ, રાગ સામેવાળા વ્યક્તિ પર ઊભો છે... તો પૂર્ણતયા નિર્દ્વંદ્વ વાદ નથી. તે રાગનું ઉલટું છે, રાના વિરૂદ્ધમાં વિતરાગ. તો દ્વંદ્વ તો થયું ને? રાગ અને વિરાગ. પરંતુ રાગ અને વિરાગ બંનેના દ્વંદ્વથી જે મુક્ત છે તે વીતરાગ. મહાવીર રાગી નથી, વિરાગી પણ નથી, મહાવીર તો વીતરાગી છે અને આ વીતરાગ શબ્દ ગીતામાં આવ્યો છે :

વીતરાગ ભય ક્રોધઃ સ્થિતધીર્મુનિરૂચ્યતે ॥

તો બુદ્ધની જેમ કૃષ્ણમાં ઉપેક્ષા પણ નથી, ક્રાઇસ્ટની જેમ તટસ્થ પણ નથી કૃષ્ણ. મહાવીરની જેમ વીતરાગ પણ નથી, શ્રીકૃષ્ણ તો પૂરા રસક્ષેત્રના નાયક છે ને? રસનાયક છે અને એનામાં વીતરાગ ક્યાંક દેખાતો નથી. રાસલીલાનો રચનારો સોળ હજાર એકસો આઠ નારીનો સ્વામી. તો કૃષ્ણમાં શું છે? કૃષ્ણને ઓળખવા હોય તો એક શબ્દથી ઓળખાવી શકાય. અન્ય જળમાં રહેવાં છતાં કમળ જેમ જળથી જુદું હોય છે એવી રીતે સંસારમાં રહીને ભોગોની વચ્ચે રહીને પણ માણસ કેવી રીતે અનાશક્ત રહી શકે એ કૃષ્ણે સૌને શીખવ્યું. એટલા માટે આપણને જીવન જીવતા શીખવાડનારા આ કૃષ્ણચરિત્ર વધારે ઉપયોગી છે, કારણ કે આપણે સંસારમાં રહીને કેવી રીતે રહેવું તે કૃષ્ણ બતાવે છે. સંસારમાં રહીને જે વ્યવસાય કરીએ છીએ, જે કારોબાર કરીએ છીએ, મકાનમાં રહીએ છીએ, જે મોટરકારમાં ફરીએ છીએ, જે ભોગો અને સુવિદ્યાઓની વચ્ચે રહીએ છીએ એમાં જ રહીને ત્યાં રહીને પણ કેવી રીતે રહેવું જેથી કરી આપણા આનંદ, આપણી શાંતિ, આપણી મસ્તી સદા બની રહે અને બંધન ન થાય એ યુક્તિ કૃષ્ણ પોતાના ઉપદેશથી નહીં પોતાના જીવનથી આપણને સમજાવે છે , માટે કહું છું કે ગીતાના સૂત્રોને સમજવા માટે કૃષ્ણનું જીવનદર્શન, કૃષ્ણનું જ જીવનચરિત્ર બહુ ઉપયોગી છે.

સાથે રહીને પણ જુદા જુદા ધર્મ પાળી જ શકાય, ધર્મ બાબતે જડ વલણ ન રાખવું જોઈએ, બંને જણ ફલેક્સિબલ રહેશે તો જ સંબંધ લાંબા સમય સુધી ટકી શકશે

હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

બંને પ્રેમીઓ જ્યારે વિધર્મી એટલે કે અલગ અલગ ધર્મના હોય ત્યારે ઘણાં બધાં પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. બંને પ્રેમીઓ પોતાના ધર્મનું પાલન કરવા માટે એકબીજા પર દબાણ કરતાં હોય છે. ખાસ કરીને પુરૂષો પરણ્યા પછી પુરૂષો એવું માનતા હોય છે કે તેમની પત્નીએ પતિનો ધર્મ અપનાવવો જોઇએ. જો પત્ની તે અપનાવવાનો ઇનકાર કરી દે, તો બંનેના સંબંધોમાં તિરાડ પડવાની શક્યતા વધી જાય છે.

એક યુવક અને યુવતી બંને પ્રેમમાં પડ્યા. કહેવાય છે કે પ્રેમ આંધળો હોય છે. બંને જ્યારે પ્રેમમાં પડ્યા ત્યારે તેમને ખબર નહોતી કે બંનેનો ધર્મ જુદો જુદો છે. યુવક જૈન ધર્મનો હતો અને યુવતી મુસ્લિમ ધર્મની હતી. બંને એકબીજાના પ્રેમમાં એટલાં ગળાડૂબ હતા કે, તેમને વિચાર પણ ન આવ્યો કે લગ્ન પછી કેવાં પ્રોબ્લેમ ઊભા થશે! સમાજના વિરોધ વચ્ચે બંનેએ લગ્ન કરી લીધાં. બંનેના મા-બાપે તેમને સ્વીકાર્યા નહીં. બંને જણ અલગ રહેવા લાગ્યા.

થોડાક મહિના તો બંને પ્રેમના નશામાં ચકચૂર રહ્યા. બંનેને એવું જ લાગતું હતું કે તેઓ એકબીજા માટે જ બનેલાં છે. સમય જતાં પ્રેમનો નશો ઉતર્યો. પોતાના સંસ્કારો અને સ્વભાવનો પરચો દેખાવા લાગ્યો. એકબીજા માટે મરી ફીટવાની વાતો કરતાં આ પ્રેમીઓ એકબીજાનાં ગુણ-દોષ જોવા લાગ્યાં, એકબીજાની ખામીઓ કાઢવા લાગ્યં. બંનેના મતભેદની શરૂઆત થઇ ધર્મથી. યુવતી મુસ્લિમ એટલે તે નોનવેજ ખાતી હોય તે સ્વાભાવિક છે. યુવક જૈન એટલે તેના માટે લસણ-ડુંગળી પણ વર્જ્ય હોય.

પુરૂષપ્રધાન દેશમાં મોટા ભાગે સ્ત્રીઓએ જ નમતું જોખવું પડતું હોય છે. અહીં પણ યુવતીએ નોનવેજ છોડીને વેજીટેરીયન ખોરાક ખાવાનો શરૂ કરી દીધો.

તેણે તેનો ધર્મ છોડ્યો, તેના રીત-રિવાજો છોડ્યા, તેની આદતો ટેવો-છોડી અને તેનો પહેરવેશ પણ છોડ્યો. તેમ છતાં બંને વચ્ચે અણબનાવ વધવા લાગ્યા. નાની નાવી વાતમાં બંનેને વાંધો પડવા લાગ્યો. યુવતીએ આટલો બધો ભોગ આપ્યો હોવા છતાં યુવક તેનાથી નારાજ રહેવા લાગ્યો. યુવતીએ નોનવેજ બંધ કર્યું તો યુવક તેને લસણ-ડુંગળી બંધ કરવા ફોર્સ કરવાં લાગ્યો. યુવતી કહેલી, મેં તારા માટે આટલું બધું છોડ્યું તો તું મને આટલી છૂટ પણ નહીં આપે? તારે ન ખાવું હોય તો વાંધો નહીં, મને તે ભાવે છે એટલે હું ખાઉં છું. મને તો ખાવા દે!

બસ આવી નાની નાની વાતોમાં ટસલ થવા લાગી. આ નાની લાગણી વાતોએ એક દિવસ મોટું સ્વરૂપ લીધું. અહમનું વૃક્ષ ધીરે ધીરે મોટું થતું ગયું. છેવટે બંને પ્રેમીઓ છૂટા થઇ ગયાં. તમને શું લાગે છે? કંઇ થયું તે બરાબર થયું? શું આ પ્રેમ કહાનીનો આવો જ અંજામ આવવો જોઇતો હતો? કાય જેવા આ સંબંધોને તૂટતાં બચાવી શકાયાં હોત!

લગ્ન કરવાં સહેલા છે, પણ ટકાવવા અઘરાં છે. તેમાંયે લવ મેરેજ હોય ત્યારે તો ખાસ. એરેન્જ મેરેજમાં મોટા ભાગે યુવક-યુવતીઓ એક જ જ્ઞાતિનાં હોય છે. આ ઉપરાંત એક બીજાને પહેલાથી ઓળખતા હોતા નથી. લગ્ન કરતાં અગાઉ બંને જણ પોતાના ગમા અણગમા, શોખ, રિવાજો, આર્થિક સામાજિક સાથે એડજેસ્ટ થવામાં ઓછી તકલીફ પડે છે. બંનેના સગાં પણ એકબીજાથી પરિચિત હોવાથી અને એક જ જ્ઞાતિનાં હોવાથી તેનો પણ ફેર પડે છે.

ઉપરના કિસ્સામાં બંને પ્રેમીઓને જુદા પાડવામાં ધાર્મિકમાં બંને પ્રેમીઓને જુદા પાડવામાં ધાર્મિક માન્યતાઓ અને રૂઢિઓ કારણભૂત બની. ખરેખર તો માનવને જોડે તેને ધર્મ કહેવાય.

માનવ પહેલો કે ધર્મ પહેલો? માનવે ધર્મની ઉત્પત્તિ કરી છે કે ધર્મથી માનવની ઉત્પત્તિ થઇ છે? એની વે અહીં આપણે ધર્મની બાબતમાં ઊંડા ઉતરવાની જરૂર નથી. આપણે તો માનવીય સંબંધો ટકાવી રાખવાની વાત કરવાની છે.

સંબંધો જોડતા તો જોડાઇ જાય છે પણ તેને ટકાવી રાખવા માટે જે બાંધછોડ કરવી પડે છે તેના માટે આપણે તૈયાર હોતાં નથી. દરેક વ્યક્તિને પોતાનો ધર્મ મોટો લાગે છે. પોતાની વાત સાચી લાગે છે. આ કપલ જો પોતાની જાતને એકબીજાનાં સ્થાને મૂકીને જોયું હોત, તો તેમને પોતાની ભૂલ સમજાઇ હોત. તો તેઓ જુદા પણ ન પડ્યા હોત. સામેનું પાત્ર બહુ મોટો ત્યાગ કરતું હોય ત્યારે તેના ત્યાગને બિરદાવવું જોઇએ, એટલું જ નહીં પોતે પણ અમુક બાબતો જતી કરવી જોઇએ.

જ્યારે બે વિધર્મીઓ લગ્નના બંધનથી જોડાવાનાં હોય, ત્યારે બંનેએ સમજૂતી કરીને કોર્ટ મેરેજ કરવાં જોઇએ. તે સિવાય બંનેએ પોતાના ધર્મનો ત્યાગ કરવો જોઇએ અથવા તો બંને જણને પોતપોતાનો ધર્મ પાળવાની છૂટ આપવી જોઇએ. સાથે રહીને પણ જુદા જુદા ધર્મ પાળી જ શકાય. ધર્મ બાબતે જડ વલણ ન રાખવું જોઇએ. બંને જણ ફ્લેક્સિબલ રહેશે તો જ સંબંધ લાંબા સમય સુધી ટકી શકશે. સીધી ને સાદી વાત કહું તો આવાં કપલોએ દરેક સમાધાન કરવાની તૈયારી રાખવી પડશે. સમાધાન જ સંબંધ ટકાવી રાખવાની માસ્ટર કી છે, એ સત્યને બંનેએ સ્વીકારવું પડશે.

- સોજન્ય - ડુમન ગાર્ડિયન

ગુજરાતી દલિત સાહિત્યના આયના સમાન એક અભ્યાસપૂર્ણ સંપાદન

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

ગુજરાતી સાહિત્યના આદિકવિ એવા નરસિંહ મહેતા જન્મે નાગર હતા, બ્રાહ્મણ હતા પરંતુ કર્મે દલિત હતા, અને આજથી ૫૦૦ વર્ષ પહેલાં નિર્ભિક રીતે દલિતોના મહોલ્લામાં ભજન કરવા જતા. રતનબાઇને આદિ કવયિત્રી કહી શકાય. એટલે ગુજરાતી કવિતાને દલિત કવિતાના કોઠાના સંસ્કાર છે એમ કહી શકાય. આઝાદી પૂર્વે ગાંધીજીના પ્રભાવથી ઝવેરચંદ મેઘાણી, દુલા કાગ, ઉમાશંકર, સુંદરમ્ - એમ ઘણાં કવિઓએ દલિત કહી શકાય તેવી રચનાઓ આપી. એ રીતે ગાંધીયુગમાં દલિતો પ્રત્યે સહાનુભૂતિનું સાહિત્ય ઉભરી આવ્યું.

આઝાદી પછી સૌંદર્ય અનુરાગી કવિતાનો પ્રવાહ પ્રહ્લાદ પારેખથી શરૂ થયો. રાજેન્દ્ર શાહ જન્મે ગાંધી યુગી હોવા છતાં સૌંદર્ય અભિમુખ રહ્યા. પરંતુ કરસનદાસ માણેક, પ્રિયકાંત મણિયાર, હિંમત ખાટસૂરીયા જેવા કવિઓમાં દલિત પીડિતોના દુઃખદર્દની અભિવ્યક્તિ થતી રહી.

આજના યુગમાં આ દલિત કવિતા શું છે તેને સમજવા માટે કેટલાક દલિત સાહિત્યકારો એ આપેલી તેની વ્યાખ્યાઓ જોવાથી તે વધુ સારી રીતે સમજાશે તેમ મને લાગે છે.

કવિ હરિશ મંગલમ્ લખે છે કે - જાતિ જ્ઞાતિના ભેદભાવ સિવાય જેમનુ દલન થયું છે તે આખો માનવ સમુદાય દલિત છે અને તેના સમાજોત્થાન માટે રચાતું સાહિત્ય એ દલિત સાહિત્ય છે.

તો મધુકાન્ત કલ્પિત કહે છે કે - દલિત, સાહિત્ય, શોષીત જનસમુહની સંવેદનાત્મક અને કલામય અભિવ્યક્તિ એટલે દલિત સાહિત્ય.

આ દૃષ્ટિએ જોઇએ તો દલિત અને અદલિત કવિતા જુદી પાડવાનો પ્રશ્ન ઊભો થતો નથી પરંતુ છતાં એક ચોકો ઊભો થયો છે. તે કેમ? તેના જવાબ રૂપે દલિત કવિતાનો સમગ્રલક્ષ્મ અભ્યાસી થાય તે જરૂરી છે.

આજે માટે તમને ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા પ્રગટ થયેલ અને પ્રવિણ ગઢવી સંપાદિત દલિત કવિતાના સંગ્રહની વાત કરવી છે.

દલિત કવિતાના આ માતબર કહી શકાય તેવા સંપાદનમાં દલિત અને અદલિતનો ભેદભાવ રાખ્યા વિના કહી શકાય તેવા સંપાદકે કવિતામાં રહેલ દલિત કવિતના લક્ષણો, પ્રતિબદ્ધતા અને રચના જેવા તત્ત્વોને ધ્યાને લઇ ગુજરાતના ૧૫૬ જેટલા વરિષ્ઠથી લઇને નવોદિતો સુધીના કવિઓની કાવ્ય રચનાઓનો સમાવેશ કર્યો છે. જેમાં ગાંધીનગર ખાતે વસતાં એવા ૧૭ જેટલા કવિઓને સ્થાન આપ્યું છે.

આ રચનાઓમાંથી પસાર થતાં દલિત કવિતાના વિષય વસ્તુનો ખ્યાલ આવે છે. દલિત કવિઓ દલિત સમાજને સદીઓથી થયેલા અન્યાય, અત્યાચાર, અવહેલનાની પીડા સતત વ્યક્ત કરે છે. ક્યાંક સીધીસટ્ટ ભાષામાં આક્રોશ વ્યક્ત થયો છે. પણ બહુધા વ્યંજનાત્મક રીતે પ્રતિકોની સહાયથી સૌંદર્યાત્મક રીતે પીડા વ્યક્ત થઇ છે. દલિત કવિતા અભિદામાં જ રાચે છે અને સીધીસટ્ટ ભાષામાં કાવ્ય તત્ત્વ વિના ફક્ત મેસેજ આપે છે તેવો આક્રોપ બહુધા રચનાઓમાં ટકતો નથી. ગાંધીનો ઉપયોગ કટાક્ષ માટે તો બાબાસાહેબનો ઉપયોગ પ્રેરણા અને આદર માટે થાય છે. પૌરાણિક પુરાવસ્તુનો પણ દલિત કવિતો સરસ વિનિયોગ કરે છે. વાલ્મિકી, શંબુક, અહલ્યા, કર્ણ, દ્રૌપદી અને વિશેષ તો એકલવ્યના પુરાવસ્તુનો દલિત કવિઓ વારંવાર ઉપયોગ કરતાં જોવા મળ્યા છે જેમ કે યશવંત વાઘેલાની રચના, શું રચાશે?

હે વાલ્મિકી!
એક પારધી દ્વારા ક્રૌંચ પક્ષીની હત્યાથી
તમારો શોક, શ્લોકત્વ પામ્યો અને
રામાયણ રચાયું
પણ અમારી રોજની આ રીસ
અને...
ચીચીચારીઓમાંથી શું રચાશે?

તો 'વચન' કાવ્યમાં વિનોદચંદ્ર બોરીયા કંઇક આમ કહે છે -

જેમ કુંતીએ ત્યજી દીધેલા
પોતાના પુત્ર કર્ણ પાસે
ચાચ્યાં'તાં પાંડવોના જીવનદાન
તેમ હવે અમારી ઝુંપડીએ
અમારા પરિવારના
હત્યારાની માતા કુંડી ઊભી છે
પણ અમ કર્ણને
વચન આપો કે હવે પછી 'તું'
એવા કૌરવોને જન્મ નહીં આપે.'

તે ઉપરાંત ઉષા મકવાણાની આ પંક્તિ જુઓ -

'હરિ કહેવડાવવું સાવ સહેલું છે હરિ,
ફક્ત એક જ વાર હરિજન તો બની જો.'

અને દલિત કવિઓના આક્રોશની વાત અનુપસિંહ પરમારની આ પંક્તિમાં કેવી જોરદાર રીતે રજૂ થઇને તે પણ જૂઓ -

'ક્ષણ ના કરીશ વિચાર, તું બાજી છે હાથમાં,
પલટાવી દે સમાજને ક્રાંતિની મશાલમાં'

(અનુસંધાન પાના નં. ૬ પર)